# બીસીએ કોલેજ ખાતે સોફ્ટવેર ટેસ્ટીંગ સર્ટિફિકેશન પ્રોગ્રામ સફળતાપૂર્વક સંપન્ન





કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ - બીસીએ ખાતે સ્ટુડન્ટ ડેવલપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત સોફટવેર ટેસ્ટીંગ સર્ટિફિકેશન કોર્સ-૩ (STCC-III) ટ્રેનીંગ પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો. જેમાં કોલેજના કુલ ૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. આ ટ્રેનીંગ પ્રોગ્રામનો અભ્યાસક્રમ ઈન્ડસ્ટ્રીની માંગને અનુરૂપ કુલ ૩૦ કલાકનો તૈયાર કરવામાં આવ્યો હતો. સામાન્ય રીતે યુનિવર્સીટીમાં અભ્યાસક્રમો દર વર્ષે અપડેટ કરવા શક્ય નથી આવા સંજોગોમાં કમ્પ્યુટર ક્ષેત્રે થતા ઝડપી ફેરફારને વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા આવા કોર્ષનું આયોજન અત્યંત આવશ્યક છે. આ ટ્રેનીંગ પ્રોગ્રામમાં રિસોર્સ પર્સન તરીકે ઈન્ડસ્ટ્રીમાંથી વિવેક પટેલ (SOA, Tatvasoft, Ahmedabad), નિમેષ પ્રજાપતિ (QAT, Zap Tech Solution Pvt. Ltd., Ahmedabad) અને દિવ્યા પટેલ (ઑટોમેશન કન્સલ્ટન્ટ) દ્વારા પોતાની નિષ્ણાત સેવાઓ આપવામાં આવી હતી. રિસોર્સ પર્સનના ઈન્ડસ્ટ્રીઝના સોફટવેર ટેસ્ટીંગના અનુભવને કારણે વિદ્યાર્થીઓને ઈન્ડસ્ટ્રીઝની કાર્યશૈલી અને વ્યવસાયિક ટચ સાથે ટ્રેનીંગ મળી હતી. અહીં વિદ્યાર્થીઓને મેન્યુઅલ અને ઓટોમેટેડ ટેસ્ટીંગમાં ખૂબ જ પાયાથી શરુ કરીને લેટેસ્ટ માહિતી સુધીનું જ્ઞાન આપવામાં આવેલ હતું. આ ટ્રેનીંગ પ્રોગ્રામનો એપ્રોચ પ્રેક્ટિકલ ઓરિએન્ટેડ હતો જેથી વિદ્યાર્થીઓ ઈન્ડસ્ટ્રી રેડી બની શકે. આ ટ્રેનીંગ પ્રોગ્રામ પૂર્ણ થયા બાદ એક મોક ઈન્ટરવ્યુ યોજવામાં આવ્યો હતો. એપ્ટિટ્યુટ, ટેકનિકલ, અને એચ.આર (HR) એમ ત્રણ રાઉન્ડ યોજાયા હતા. જેનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીમાં રહેલા ઈન્ટરવ્યુના ભયને દૂર કરવાનો હતો. આ પ્રોગ્રામ અંગે વધુ માહિતી આપતા કૉલેજના ડાયરેક્ટર ડૉ. સંજયભાઈ એમ શાહ જણાવે છે કે આ ટ્રેનિગ પ્રોગ્રામમાં તૈયાર થયેલા વિદ્યાર્થીઓ માટે જોબ ઓફર પણ આવી રહી છે. આ સમગ્ર ટ્રેનીંગ પ્રોગ્રામને સફળ બનાવવા પ્રાધ્યાપક ડો. રિચા મેહતા, પ્રો. પ્રિયંકા શાહ, પ્રો. કેતન સાળુંકે અને પ્રો. ભાવના પટેલે પોતાનું યોગદાન આપ્યું હતું.

## ડાયરેક્ટ ❤ સે

સાચા સંબંધોને
તોડવાની ભૂલ ના કરતા
કારણ કે
ઝાડ પરથી તૂટેલાં પાંદડાં
ફરી લીલાં નથી થતાં

## જન્મદિને વધામણી



રમાબેન બી ઠાકર
ફોન : ૨૩૨૪૧૦૧૬
મો. ૯૦૩૩૫ ૭૧૯૦૫



કમલેશ એસ બેન્કર

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક



વિદ્યાર્થીઓને કોલેજમાંથી જ નોકરીની તકો મળી રહે તે માટે સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સીઝ સતત પ્રયત્નશીલ રહે છે. તાજેતરમાં કોલેજ દ્વારા યોજાયેલા જૉબ પ્લેસમેન્ટ ડ્રાઈવમાં કોલેજ ખાતે અભ્યાસ કરતા બી. ફાર્મ.ના વિદ્યાર્થી સૃષ્ટિ પટેલ, જિજ્ઞાસા સોલંકી, હેમાદ્રિ ભટ્ટ તથા ભૌતિક પટેલને એકયુલાઈફ કંપની દ્વારા ૧.૬૬ લાખના સેલરી પેકેજ સાથે જૉબ ઓફર કરવામાં આવી હતી.

# પીજી મૅડિકલમાં પ્રવેશ પહેલો રાઉન્ડ યોજાયો

ગાંધીનગર, તા. ૫

પોસ્ટ ગ્રેજયુએશન મેડિકલમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓએ આપેલી ચોઈસના આધારે કોલેજની ફાળવણી કરવા પહેલો તબક્કો શુક્રવારે યોજવામાં આવ્યો હતો.

આ તબક્કામાં પી.જી.મેડિકલ અને ડેન્ટલમાં મળીને કુલ ૧૪૨૦ બેઠકો પર વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો. જોકે,મેડિકલ કોલેજોમાંથી પ્રોફેસરોને અન્ય કોલેજોમાં ટ્રાન્સફર કરવાના કારણે કેટલીક મેડિકલ કોલેજોમાં હાલમાં પી.જી.ની બેઠકોને મંજૂરી મળી ન હોવાથી આ બેઠકો બીજા તબક્કામાં ખોલવામાં આવશે એવી જાહેરાત અગાઉથી કરી દેવામાં આવી હતી.

પી.જી.મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ માટે ઓલ ઈન્ડિયા કવોટામાં બેઠકો ફાળવ્યા બાદ ૧૪૨૦ બેઠકો પર મેરિટના આધારે પ્રવેશની ફાળવણી કરી દેવામાં આવી હતી. અલબત્ત, બી.જે.મેડિકલ સહિત અનેક સરકારી કોલેજોની પી.જી.બેઠકો પહેલા રાઉન્ડમાં પ્રવેશ માટે ખોલવામા આવી નહોતી. જેનું મુખ્ય કારણ એ છે કે સરકારી કોલેજોમાંથી મોટી સંખ્યામાં પ્રોફેસરોને સોસાયટી સંચાલિત મેડિકલ કોલેજોમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. જૂનાગઢ, વડનગર સહિતની સોસાયટી સંચાલિત કોલેજોમાં મેડિકલ કાઉન્સિલનું ઈન્સ્પેક્શન આવવાનું હોવાથી અધ્યાપકોને ટ્રાન્સફર આપવામાં આવે છે. બીજી બાજુ પ્રોફેસરોની ટ્રાન્સફર થવાના કારણે સરકારી કોલેજોમાં પ્રોફેસરોની અછત ઊભી થઈ છે. પી.જી.ની બેઠકો પ્રોફેસરોની સંખ્યાના આધારે ફાળવવામાં આવતી હોય છે. જેટલા પ્રોફેસરો ઉપલબ્ધ હોય તેટલી જ બેઠકોની ગણતરી કરીને તે પ્રમાણે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે. એટલે કે પ્રોફેસરો ઉપલબ્ધ ન હોય તો વિદ્યાર્થીઓ ફાળવી શકાતા નથી. હાલમાં મોટી સંખ્યામાં પ્રોફેસરો સોસાયટી સંચાલિત મેડિકલ કોલેજોમાં ટ્રાન્સફર પર હોવાથી કેટલીક બેઠકો પર પ્રવેશ નહી ફાળવવાનું નક્કી કરાયું હતું. એક વખત ઈન્સ્પેક્શન પૂર્ણ થયા બાદ કોલેજની મંજૂરી મળી જાય ત્યારબાદ પ્રોફેસર જે તે કોલેજમાં પરત જાય પછી બાકી રહેલી પી.જી.મેડિકલની બેઠકો પર વિદ્યાર્થીઓને બીજા તબક્કામાં પ્રવેશ ફાળવવામાં આવશે. આમ, બી. જે. મેડિકલની ૫૦થી વધારે બેઠકો સહિત અંદાજે ૨૦૦થી બેઠકોને સીધી બીજા રાઉન્ડમાં ખોલવામાં આવશે. પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે આ રૂટીન પ્રક્રિયા છે. દર વર્ષે આ પ્રકારે જ કાર્યવાહી કરવામાં આવતી હોય છે.

## પાંચ સૈન્ય ઉપગ્રહ લોન્ચ કરશે ઈસરો

ગાંધીનગર, તા. ૫

ભારતીય સેના અને સુરક્ષાદળોની તાકાત વધારવા માટે ભારતની અવકાશી સંસ્થા ઈસરોએ કમર કસી છે. ઈસરોએ જાહેરાત કરી છે કે, ભારતની સેનાની નજર રાખવાની ક્ષમતા વધારવા માટે ભારત પાંચ સૈન્ય ઉપગ્રહ લોન્ચ કરશે.જેમાં ચાર રિસેટ સેટેલાઈટ અને એક એડવાન્સ કાર્ટોસેટ ૩ પ્રકારના સેટેલાઈટનો સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય છે કે બાલાકોટ એરસ્ટ્રાઈક વખતે પણ લક્ષ્યાંક નક્કી કરવામાં વાયુસેનાએ ઈસરોના ઉપગ્રહો દ્વારા લેવાયેલી તસવીરોનો ઉપયોગ કર્યો હતો.

## સચિવાલય જીમખાના ખાતે ૧૨મીથી સમર કોચિંગ કૅમ્પ

ગાંધીનગર, તા. ૫

સચિવાલય જીમખાના, સૅક્ટર-૨૧ ખાતે વિવિધ રમતો માટે સમર કોચિંગ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં જીમખાનાના મૅનેજરની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે તા. ૧૨મી એપ્રિલથી બીજી મે, ૨૦૧૯ દરમિયાન આ સમર કૅમ્પ જીમખાના, સૅક્ટર-૨૧ ખાતે યોજવામાં આવ્યો છે. કૅમ્પ અંતર્ગત બેડમિન્ટન, ટેનિસ, સ્કેટિંગ, સ્વિમીંગ અને કરાટે (ટેક્વોનડો)ની તાલીમ તાલીમાર્થીઓને આપવામાં આવશે. સમર કૅમ્પમાં ભાગ લેવા માટે જીમખાનાનો કામકાજના કલાકો દરમિયાન સંપર્ક કરવા વધુમાં જણાવવામાં આવ્યું છે.

# હવે વૉટ્સઍપ યુઝરને તેની મરજીથી જ ગૃપમાં જોડી શકાશે

ગાંધીનગર, તા. ૫

લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને પારદર્શિતા લાવવાના પ્રયાસો હેઠળ વોટ્સએપ પોતાના યુઝર્સને એક નવી સુવિધા આપવા જઈ રહ્યું છે જેથી યુઝર્સ ફેક ન્યૂઝ અને અફવાઓમાં ફસાઈ શકે નહીં. વોટ્સએપ હવે એક નવું ફીચર લોન્ચ કર્યું છે જે વોટ્સએપ ગ્રૂપથી સંકળાયેલ છે.

કંપનીએ પ્રાઈવસી સેટિંગમાં એક નવા ફીચરની શરૂઆત કરી છે. જેના મારફતે યુઝર્સ એ નક્કી કરી શકે છે કે કોણ તેમને વોટ્સએપ ગ્રૂપમાં સામેલ કરી શકે છે. આના માટે ત્રણ વિકલ્પ આપવામાં આવ્યા છે. જો તમે પ્રથમ વિકલ્પ પસંદ કરો છો તો કોઈપણ વ્યક્તિ કોઈ ગ્રૂપમાં તમને સામેલ કરી શકશે નહીં. બીજા વિકલ્પ મુજબ યુઝર્સને તેના કોન્ટેક્ટ લિસ્ટમાં જે લોકો છે તે જ ગ્રૂપમાં સામેલ કરી શકે છે. ત્યાંજ ત્રીજા વિકલ્પમાં જણાવવામાં આવ્યું છે કે, કોઈપણ વ્યક્તિ તમને ગ્રૂપમાં સામેલ કરી શકે છે.

આ સિવાય અન્ય એક ફીચર પણ વોટ્સએપે ઉમેર્યું છે જે મુજબ જો તમને કોઈ યુઝર વોટ્સએપ ગ્રૂપમાં સામેલ કરે છો તો તેની લિંક પ્રાઈવેટ ચેટ મારફતે તમને મોકલવામાં આવશે. તમારે ત્રણ દિવસની અંદર ગ્રૂપનું આમંત્રણ સ્વીકારવાનું હોય છે. જો તમે આમંત્રણને સ્વીકારતા નથી તો તેની જાતે જ સમાપ્ત થઈ જશે.

# બી. એસ. સી. ઍગ્રીકલ્ચરનો કોર્સ કરવા શું કરવું ?




નમસ્કાર. વાચકમિત્રો, આપનો સાથ અને સહકાર અમૂલ્ય છે. આપ લોકોના નિયમિતપણે આવતા ફીડબેક મારા આ કોલમ પ્રતિ ના લગાવ ને વધારે ને વધારે મજબૂત કરે છે. મને કહેતા ખૂબ આનંદ થાય છે કે હવે આ કોલમ ના વાંચકો માત્ર ગાંધીનગર શહેર માં જ નહિ પણ ગાંધીનગર ની આસપાસ ના વિસ્તારો માં પણ વધી રહ્યા છે. સરસ વાત તો એ છે કે કેટલાક લોગો આ કોલમ ઓન-લાઈન વાંચી રહ્યા છે અને પ્રશ્નો પૂછી જ્ઞાનવર્ધક વાતો માં સહભાગી થઈ રહ્યા છે. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે હિમતનગર, મોડાસા, કડી, કાલોલ, ભિલોડા, માણસા, ચાંદખેડા, પાલનપુર, અંબાજી, વગેરે શહેરોથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ મને ખૂબ પ્રોત્સાહિત કરે છે. પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ હું કોશિશ કરતો રહીશ. જગ્યાની મર્યાદા હોવા થી બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો : facebook.com/questions.careercorner પર...

**૧. મે ગ્રેજ્યુએશન પૂરું કરેલ છે.હવે સારી નોકરી મેળવવા માટે શું કરવું હિતાવહ રહેશે?**
**- નરેશ ચુનારા, ગાંધીનગર**

એમ.એસ.સી એટલે કે માસ્ટર ઈન સાયન્સ આપ બી.એસ.સી પૂર્ણ કર્યા બાદ કરી શકો છો જે બે વર્ષ નો કોર્સ હોય છે.હવે આપ આપનુ એમ.એસ.સી. આપના કોઈ પણ એક મનપસંદ અને આપની રુચિ મૂજબ સાયન્સના વિષયનું ચયન કરી તેમાં નિષ્ણાત બની શકો છો. ઉપર જણાવેલ વિકલ્પોમાંથી એ વિષયમાં વિશેષજ્ઞતા મેળવવી કે જેમાં આપને પોતાનું કરિયર બનાવવામાં રસ હોય. એમ.એસ.સી. પૂર્ણ કર્યા બાદ મોટાભાગના વિકલ્પોને બે ભાગમાં વિભાજિત કરી શકાય. એ) આગળ ભણવાનું બી) નોકરી



(જોબ). હવે એમ.એસ.સી. પૂર્ણ કર્યા બાદ આપના માટે એકાધિક વિકલ્પ ઉપ્લબ્ધ છે જે આપ પસંદ કરી શકો છો. આગળ ભણવું હોય તો આપ તે ભારતમાં ભણી શકો છો અથવા તો વિદેશમાં પોતાનું ભણતર આગળ કરી શકો છો. સૌપ્રથમ વિકલ્પ છે પી.એચ.ડી. જો આપ આપના અભ્યાસને આગળ વધારવા માંગો છો તો આપ આ વિકલ્પ પસંદ કરી શકો છો. પી.એચ.ડી. થયા બાદ આપ રિસર્ચ (સંશોધન) અથવા તો શિક્ષણ જગત માં આગળ વધી શકો છો. આપ આગળ એમ.ફિલ. પણ કરી શકો છો. એમ.ફિલ. એ મોટાભાગે સંશોધન એટ્લે કે રિસર્ચ પર આધારિત હોય છે. અન્ય એક વિકલ્પ છે આપ કોઈ કંપનીમાં જોબ મેળવી શકો છો. એટ્લેકે આપ એમ.એસ.સી. બાદ પ્રાઈવેટ કક્ષાની જોબ મેળવી શકો છો. એમ.એસ.સી. કર્યા બાદ ખૂબ સારી તકો મળતી હોય છે. અન્ય એક વિકલ્પ મુજબ આપ કોઈ રિસર્ચ ઈન્સ્ટિયુટમાં સાયન્ટીફિક આસિસ્ટ્ન્ટ તરીકે જોબ મેળવી શકો છો.અન્ય એક આ બધા થી અલગ પડ્તો અને પ્રચલિત વિકલ્પ છે ગવરમેન્ટ જોબ.આપ એમ.એસ.સી બાદ ગ્રેજયુએટ સ્તરની કોઈ પણ ગવરમેંટ (સરકારી) જોબ માટે અરજી કરી શકો છો. સરકારી નોકરીમાં પણ અલગ-અલગ સ્પર્ધાત્મક પરીક્ષાની વાત કરીએ તો બેંકિંગ, એસ.એસ.સી (સ્ટાફ સિલેક્સન કમિશન) , જી.પી.એસ.સી , યુ.પી.એસ.સી વગેરે પરીક્ષા હોય છે જે આપ પોતાની પસંદગી અને લાયકાત મુજબ આપી શકો છો. જણાવેલ વિકલ્પો ઉપરાંત અન્ય વિકલ્પ પણ ઉપલબ્ધ છે. આપ યોગ્ય મહેનત કરીને એક ઉત્કુષ્ઠ કારદિર્દી બનાવી શકો છો.આમ આપ જો આગળ વધુ ભણી ને સારી નોકરી કરવા માંગો છો તો પોસ્ટ ગ્રેજ્યુએશન નો કોર્સ કરી શકો છો અથવા જો નોકરી કરવા માંગો છો તો અત્યાર થી એ માટે ની સ્પર્ધાત્મક પરીક્ષા ની તૈયારી ચાલુ કરી શકો છો. શુભેચ્છાઓ, એક ઉજ્જવળ ભવિષ્ય માટે

**૨. હું ધોરણ ૧૧ સાયન્સ માં અભ્યાસ કરું છું? શું છોકરીઓ ડિફેન્સ માં જઈ શકે? એના માટે શું કરવું જોઈએ?**
**- અમીષા યાદવ, અમદાવાદ**

સૌપ્રથમ તો આપને અભિનંદન કે આપ સંરક્ષણ ક્ષેત્ર માં જવા માંગો છો અને દેશ ની સેવા કરવા માંગો છો.તો આપણે જણાવી દઈએ કે હા,આપ બિલકુલ જઈ શકો છો.આપણાં દેશ માં એવી અનેક મહિલા ઑ છે જે આ ક્ષેત્ર માં ફરજ બજાવી રહી છે અને દેશ નું નામ ઊંચું કરી રહી છે.આપ સંરક્ષણ ના મુખ્ય ત્રણ વિભાગ આર્મી , નેવી અને એઈર ફોર્સ માં ભરતી થઈ શકો છો. એ.એફ.એમ?સી(આર્મ્ડ ફોર્સિસ મેડિકલ કોલેજ) ની પરીક્ષા આપીને આપ મેડિકલ કોર્પમાં ૧૨ મી પછી ભારતીય આર્મિમાં જોડાઈ શકો



છો.એ સિવાય આપ સી.ડી.એસ (કોમન ડિફેન્સ સર્વિસ) ની પરીક્ષા આપી આર્મી , નેવી અને એઈર ફોર્સ માં સેવા આપી શકો છો.એક વાત જણાવવા માંગીશું કે આપ આઈ.એમ.એ (ઈંડિયન મિલેટરી અકાદમી) માં પ્રવેશ મેળવી શકતા નથી કારણકે એ ફક્ત છોકરાઓ માટે હોય છે.જો આપ ઈંડિયન આર્મી માં જોડાવા માંગતા હોય તો આપે ઓ.ટી.એ (ઓફિસર્સ ટ્રેઈનીંગ અકાદમી) માં પ્રવેશ મેળવી શકો છો.સી.ડી.એસ ની લાયકાત રૂપે આપે કોઈ યુનિવર્સિટી માંથી સ્નાતક ની ડિગ્રી મેળવેલ હોવી જરૂરી છે.જો આપ એઈર ફોર્સ માં જવા મંગતા હોય તો આપે ૧૧ અને ૧૨ માં ધોરણ માં ફિઝીક્સ વિષય નું ચયન જરૂરી બની જાય છે.એ સિવાય જો આપ નેવી માં જવા માંગો છો તો આપે ૧૨મુ ધોરણ ગણિત સાથે અને બી.એસ.સી ની ડિગ્રી ફિઝીક્સ સાથે અથવા એન્જીનિયરીંગ ની ડિગ્રી જરૂરી બને છે.ઉમર સંબધિત લાયકાત ની વાત કરીએ તો આર્મી માટે ૧૯ થી ૨૪ વર્ષ જ્યારે નેવી અને એઈર ફોર્સ માટે ૧૯ થી ૨૩ વર્ષ નક્કી કરવામાં આવેલ છે. શુભેચ્છાઓ, એક ઉજ્જવળ ભવિષ્ય માટે.

**૩. હું ધોરણ ૧૨ સાયન્સ માં અભ્યાસ કરું છું.બી.એસ.સી એગ્રીકલ્ચર ના કોર્સ વિષે માહિતી આપશો.**
**- અજિત કટારા, માણસા**

ખેતી અને ખેડૂતને સમૃદ્ધ બનાવવા માટે ચાલતા વિવિધ પ્રકારના અભ્યાસક્રમો પૈકીનો એક અભ્યાસક્રમ બી.એસસી. (એગ્રી) છે. ધો.૧૨ સાયન્સ બી-ગ્રૂપ સાથે પાસ કર્યા બાદ આ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકાય છે. સંપૂર્ણ અંગ્રેજી માધ્યમનો આ અભ્યાસક્રમ ચાર વર્ષ અને આઠ સેમેસ્ટરનો હોય છે. જેમાં ખેતીને લગતાં તમામ પાસાંઓને આવરી લેવામાં આવે છે. બાગાયત વિભાગમાં ફળ, શાકભાજી અને ફૂલ તેમજ ખેતીના જુદા જુદા પાકો અંગે પ્રાથમિક કક્ષાની તમામ બાબતો આ અભ્યાસક્રમમાં શીખવવામાં આવે છે. કોઈ પણ ક્ષેત્રમાં અભ્યાસ કરવા માટે સૌ પ્રથમ એડમિશન કેવી રીતે મળે તે જાણવું જરૂરી હોય છે. જેને અનુસરીને વિદ્યાર્થી એગ્રીકલ્ચર ક્ષેત્રમાં પોતાની



કારકિર્દી ઘડી શકે છે. જો કોઈ વિદ્યાર્થીએ બી.એસસી એગ્રીકલ્ચરનો અભ્યાસ કરવો હશે તો તેમણે ૧૨મું ધોરણ વિજ્ઞાન પ્રવાહ સાથે પાસ કરેલું હોવું જોઈશે. વિજ્ઞાન પ્રવાહની અંદર બી ગ્રૂપ (ફિઝિક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી)ના વિદ્યાર્થીઓ બી. એસસી ઈન એગ્રીકલ્ચરમાં એડમિશન મેળવી શકે છે. એડમિશન મેળવવા માટે બી ગ્રૂપની સાથે સાથે અંગ્રેજી વિષય પણ ફરજિયાત પાસ કરેલો હોવો જરૂરી છે. જે વિદ્યાર્થીઓ બી.એસ.સી. ઈન એગ્રીકલ્ચરનો અભ્યાસ કરવા ઈચ્છતા હશે તેમણે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ઓછામાં ઓછા ૪૦ ટકા સાથે પરીક્ષા પાસ કરેલી હોવી જોઈશે. જો કે વિવિધ યુનિર્વિસટી દ્વારા જાતિ આધારે ટકાવારીમાં પણ છૂટછાટ આપવામાં આવી છે. બી.એસસી ઈન એગ્રીકલ્ચરનો અભ્યાસ કર્યા બાદ મોટાભાગના વિદ્યાર્થીઓ વિવિધ ખાનગી સંસ્થાઓ કે પછી સરકારના વિવિધ વિભાગોમાં પણ નોકરી મેળવી શકે છે. આમ તો મોટાભાગના વિદ્યાર્થીઓ બી.એસસી કર્યા બાદ એમ.એસસીનો અભ્યાસ કરતા હોય છે, પરંતુ જો કોઈ વિદ્યાર્થીને બી.એસસી કર્યા બાદ તુરંત જ નોકરી મેળવવી હોય તો કોલેજ દ્વારા કેમ્પસ ઈન્ટવ્યૂનું પણ આયોજન કરવામાં આવે છે. બી.એસ.સી એગ્રીકલ્ચરનો અભ્યાસ કર્યા બાદ વિદ્યાર્થીઓ જીએસએફસી, જીએનએફસી, બેંક ઓફ બરોડા, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, એચડીએફસી બેંક સહિત કૃષિ ક્ષેત્રમાં ધીરાણનું કામ કરતી વિવિધ ખાનગી બેંકોમાં પણ નોકરી મેળવી શકે છે. આ સિવાય પેસ્ટીસાઈડ કંપનીઓ, ઈરિગેશન કંપનીઓ, કૃભકો, ઈફકો સહિત વિવિધ ખાતર અને બિયારણ કંપનીઓ, દવાઓની કંપનીઓમાં પણ વિદ્યાર્થીઓને નોકરી મળી રહે છે.શુભેચ્છાઓ, એક ઉજ્જવળ ભવિષ્ય માટે.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.
ઈમેલ : questions.careercorner@gmail.com
વોટ્સએપ નંબર : 88492 21653
ફેસબુક: www.facebook.com/questions.careercorner

# ઐક્યની ઝંખના

ગાંધીયાત્રા

॥ છઠ્ઠો મણકો ॥

પણ જ્યારે સમજ આવી ત્યારે અવસર વીતી ગયો હતો. હાજતો જતો જારી જ હતી. ઘણા પરિશ્રમને લીધે તાવ આવ્યો અને બેશુદ્ધિ પણ આવી. મિત્રો વિશેષ ગભરાયા. બીજા દાક્તરો પણ આવ્યા. પણ જે દરદી તેમનું માને નહીં તેને સારુ તેઓ શું કરી શકે?

શેઠ અંબાલાલ અને તમનાં ધર્મપત્ની નડિયાદ આવ્યાં. સાથેઓની સાથે મસલત કરી મને તેઓ તેમના મિરજાપુરને બંગલે ઘણી જ સંભાળપૂર્વક લઈ ગયાં. આ માંદગીમાં જે નિર્મળ, નિષ્કામ સેવા હું પાન્યો તેનાથી વધારે સેવા તો કોઈ પામી ન શકે એટલું તો હું અવશ્ય કહી શકું છું. ઝીણો તાવ વળગ્યો. શરીર ક્ષીણ થતું ચાલ્યું. મંદવાડ સારી પેઠે લંબાશે, કદાચ હું બિછાનાથી નહીં ઉઠી શકું, એમ પણ મને થયું. અંબાલાલ શેઠના બંગલામાં પ્રેમથી વીંટળાયેલો છતાં હું અશાંત બન્યો, અને મને આશ્રમમાં લઈ જવા તેમને વીનવ્યા. મરો અતિશય આગ્રહ જોઈને તેઓ મને આશ્રમમાં લઈ ગયા.આશ્રમમાં હું પીડાઈ રહ્યો હતો તેટલામાં વલ્લભભાઈ ખબર લાવ્યા કે, જર્મનીની પૂરી હાર થઈ છે અને રંગરૂટની ભરતી કરવાની કશી આવશ્યકતા નથી એમ કમિશનરે કહેવડાવ્યું છે. એટલે ભરતીની ચિંતામાંથી હું મુક્ત થયો તે તેથી શાંતિ થઈ.

હવે પાણીના ઉપચાર કરતો અને તેથી દેહ ટકી રહ્યો હતો. દરદ શમ્યું હતું, પણ શરીર કેમે ભરાઈ શકતું નહોતું. વૈધમિત્રો અને દાક્તરમિત્રો અનેક પ્રકારની સલાહ આપતા, પણ હું કંઈ દવા પીવાને તૈયાર ન થયો. બે ત્રણ મિત્રોએ દૂધનો બાધ હોય તો માંસનો સેરવો લેવાની ભલામણ કરી અને ઔષધ તરીકે માંસાદિ ગમે તે વસ્તુ લઈ શકાય એવાં આયુર્વેદના પ્રકરણો ટાંક્યાં. એકે ઈંડા લેવાની ભલામણ કરી. પણ તેમાંની કોઈ સલાહ હું સ્વીકારીએ ન શક્યો. મારો જવાબ એક જ હતો.

ખાદ્યાખાદ્યનો નિર્ણય મારે સારુ કેવળ શાસ્ત્રોના શ્લોકોની ઉપર આધર નહોતો રાખતો, પણ મારા જીવનની સાથે સ્વતંત્ર રીતે ઘડાયેલો હતો. ગમે તે ખાઈને અને ગમે તે ઉપચારોથે જીવવાનો મને મુદલ લોભ નહોતો. જે ધર્મનો અમલ મેં મારા પુત્રને વિષે કર્યો, સ્ત્રીને વિષે કર્યો, સ્નેહીઓને વિષે કર્યો તે ધર્મનો ત્યાગ મારા વિષે કેમ કરું?

આમ મારી આ બહુ લંબાયેલી અને જીવનમાં પહેલી આટલી મોટી માંગદીમાં મને ધર્મ નિરીક્ષણ કરવાનો, તેની કસોટી કરવાનો અલભ્ય લાભ મળ્યો. એક રાત્રે તો મેં તદ્દન હાથ ધોઈ નાખ્યા. મને લાગ્યું કે મૃત્યુ નજીક જ છે.શ્રીમતી અનસૂયાબહેનને ખબર કહેવડાવ્યા. તે આવ્યાં. વલ્લભભાઈ આવ્યા. દાક્તર કનૂગા આવ્યા. દાક્તર કનૂગાએ નાડી જોઈ અને કહ્યું: 'મરવાના હું પોતે કોઈ ચિહ્ન જોતો જ નથી. નાડી સાફ છે. તમને કેવળ નબળાને લેધે માનસિક ગભરાટ છે.' પણ મારું મન ન માન્યું. રાત્રી તો વીતી. હું તે રાત્રીએ ભાગ્યે ઊંઘી શક્યો હોઈશ.

સવાર પડી મૃત્યુ ન આવ્યું. છતાં જીવવાની આશા તે વકહ્તે ન બાંધી શક્યો, અને મરણ સમીપ છે એમ સમજી જેટલો સમય બની શકે તેટલો સ્મય સાથીઓની પાસે ગીતાપાઠ સાંભળવામાં ગાળવા લાગ્યો. કંઈક કામકાજ કરવાની શક્તિ તો નહોતી જ. વાચન કરવા જેટલે શક્તિ પણ નહોતી. કોઈની સાથે વાત ક્વાનું પણ મન થાય નહીં. થોડી વાત કરું તો મગજ થાકી જાય. તેથી જીવવામાં કશો રસ નહોતો. જીવવાને ખાતર જીવવું મને કદી પસંદ જ નથી પડ્યું.કંઈ કમકાજ કર્યા વિના સાથીઓની સેવા લઈને ક્ષીણ થતા જતા દેહને લંબાવ્યા જ કરવો એ મહા કંટાળાભર્યું કામ હતું. આમ મરવાની રાહ જોઈને બેઠો હતો તેરલામાં દાક્તર તળવળકર એક વિચિત્ર પ્રાણી લાવ્યા. એ મહારાષ્ટ્રી છે. તેમને હિંદુસ્તાન ઓળખતું નથી. પણ એ મારા જેવા 'ચક્રમ' છે એટલે હું તેમને જોતાં સમજી શક્યો. એ પોતાના ઉપચાર મારી ઉપર અજમવવાને આવ્યા હતા. દા. તળવળકર જેમને ભલામણ ખાતર લાવ્યા તેમણે દાક્તરીનો અભ્યાસ માટે ગ્રૅંટ મૅડિકલ કૉલેજમાં કર્યો હતો, પણ દ્વારકા (આહીં દાક્તર હોવું જોઈએ?)ની છાપ નહોતા પામ્યા. પાછળથી જાણ્યું કે તે બ્રાહ્મસમાજી છે. તેમનું નામ કેળકર. સ્વભાવે બહુ સ્વતંત્ર છે. તેઓ બરફના ઉપચારના ભારે હિમાયતી છે. મારા દરદ વિષે સાંભળવાથી તે બરફના ઉપચાર મારી ઉઅપ્ર અજમાવવાને આવ્યા ત્યારે થી અમે તેમને 'આઈસ દાક્તર' ના ઉપનામથી ઓળખીએ છીએ. પોતાના અભિપ્રાયને વિષે તેઓ અતિશય આગ્રહી છે. (ક્રમશઃ)

- 'સત્યના પ્રયોગો'માંથી સાભાર